# EDII મલેશિયાના યંગસ્ટર્સને આંત્રપ્રિન્યોરશિપના પાઠ ભણાવશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મલેશિયાના એચઆરડી મિનિસ્ટ્રીના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં ઈડીઆઈઆઈ અને મલેશિયા વચ્ચે એમઓયુ થયા હતા.**

સિટી રિપોર્ટર @ahm_cb

મલેશિયન એચઆઈડી મિનિસ્ટ્રીએ ભારતની આંત્રપ્રિન્યોરશિપ એજ્યુકેશનનો લાભ મલેશિયાને પણ મળે તે માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા સાથે એમઓયુ કર્યા છે.

ઈડીઆઈઆઈ સાથે થયેલા આ કરારમાં મલેશિયામાં સ્ટાર્ટઅપનું એન્વાયર્મેન્ટ કેવી રીતે જનરેટ કરવું, મહિલાઓને કેવી રીતે રોજગારી પૂરી પાડવી અને ગૃહ ઉદ્યોગો અને નાના પાયાના ઉદ્યોગોને કેવી રીતે સ્ટાર્ટઅપમાં બદલવા જેવા મહત્વની બાબતોને લઈને મલેશિયન ગર્વેમેન્ટને ઈડીઆઈઆઈ મેન્ટોર કરીને તાલીમ આપશે. આ અંગે માહિતી આપતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, 'મલેશિયન ગર્વેમેન્ટ સાથે થયેલા જોડાણના કારણે બંને દેશો વચ્ચે નોલેજનું શેરિંગ થશે. યુવાનોને રોજગીરી આપવા અને રોજગારી સર્જન કરવાની દિશામાં બંને દેશ સાથે મળીને કામ કરશે.'જ્યારે હ્યુમન રિસોર્સિસ ડેવલોપમેન્ટ ફંડની ચીફ એક્ઝિક્યુટીવ દાતા સીએમ વિદેનેશ્વર જયચંદ્રે કહ્યું કે, 'પીએસએમબી અને ઈડીઆઈઆઈના જોડાણના કારણે મરણ પથારીએ પડેલા નાના પાયાના ઉદ્યોગોને ફરી નવા આઈડિયા અને નવી ઓપરેટિંગ ટેકનિક સાથે પગભર થવાની તક મળશે. સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈઝને આ કરારના કારણે ફરી ચાલક બળ મળશે.



## ઈડીઆઈઆઈ શું એડવાઈસ આપશે:

- સ્કિલ ડેવલપમેન્ટ
- રિ-સ્કિલંગ
- વેપાર સાહસિતા વિકાસ
- ક્ષમતા નિર્માણ
- તાલીમ અને પ્રદ્ધિતિ
- ક્લાસરૂમ ટ્રેનિંગ એન્ડ લર્નિંગ
- આઈડિયા જનરેટિંગ